જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૨/૨૦૧૮ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૮૩/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૩૩ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ અને ૨૧ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૦૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૮૪/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૮૫/૧૮**

**વસ્ત્રાપુરઃ** હેમેનભાઇ અશોકભાઇ સંઘવી (રહે.અભીશાર ફલેટ સીટી કોર્નર રેસ્ટોરેન્ટની સામે ગુલબાઇ ટેકરા) એ તા.૨૩/૦૨/૧૮ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે બોડકદેવ એસ.જી હાઇવે રાજપથ કલબની સામે H 103 પાશ્વ ટાવર ખાતે આશીષ ટ્રેડીંગ કુ.નામની ઓફીસમા સેલ્સમેન તરીકે નોકરી કરતો આરોપી રાહુલ રમણલાલ બારોટ (રહે.ખીન્નનગર વિભાગ-૪ વેજલપુર) તા.૨૪/૧૧/૨૦૧૫ થી તા.૫/૭/૨૦૧૬ સુધીના સમય ગાળા દરમ્યાન કંપનીના માલના ઓર્ડરનુ બિલ આશીષ ટ્રેડીંગ કંપનીમા બનાવી ગોડાઉનમાંથી જુદીજુદી કંપનીઓને રૂપિયા ૪,૬૮,૦૦૦/- મતાનો માલ વેચી કંપનીમા જમા નહી કરાવી ઉચાપત કરી કંપની સાથે છેતરપીંડી કરી નાસી ગયો છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી કે.એન.પટેલ ચલાવે છે.

**શહેરકોટડાઃ** હુલીબહેન વા/ઓ મંછારામ પ્રજાપતિ (ઉ.વ.૭૦) (રહે. ભવાની ડુપ્લેક્ષ ઋષીકેશ પ્લોટની બાજુમાં રતનબા રોડ ઠક્કરનગર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૨/૧૮ સાવરના ૯/૩૦ વાગ્યાના સુમારે કાલુપુર બ્રીજ સરસપુર તરફના સર્કલ પાસેની સીડી પાસે બ્રીજ નીચે અસારવા ફાટક નજીક બે પુરૂષોએ હુલીબહેનને પૈસાનુ બંડલ બતાવી લોભામણી વાતો કરી વિશ્વાસમાં લઈ હુલીબહેને પહેરેલ સોનાની વીટીઓ નંગ-૨, સોનાની કંઠી, સોનાની કાનની બુટી એક જોડી મળી કુલ કિમત રૂપિયા ૬૦,૦૦૦/- કઢાવી રૂમાલમાં મુકી તેના બદલામાં કાગળના બંડલ રૂમાલમાં બાંધી પૈસા છે તેમ કહી દાગીના લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી પી.વી.ધોકડીયા ચલાવે છે.

**સેટેલાઈટઃ** વિભાબહેન જવાહરભાઈ ચોક્સી (ઉ.વ.૬૭) (રહે.આતિથ્ય ફ્લેટ બી/એચ,સિયર્સ ટાવર પટેલ સોસાયટી ગુલબાઈ ટેકરા) તા.૨૪/૦૨/૨૦૧૮ ના કલાક ૦૯/૪૫ વાગે સેટેલાઈટ મયુરપંખ સોસાયટી પાસે ઉમીયા વિજયની ગલીમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા બે પુરૂષોએ વિભાબહેન ચોક્સીને પોલીસ તરીકે ઓળખ આપી જણાવેલ કે હાલમાં લુંટફાટના બનાવો ચાલે છે અને તમે આટલા બધા દાગીના પહેરી કેમ ફરો છો તમારા પાકીટમાં મુકી દો' તેમ કહી પાકીટમાં મુકાવી વિભાબહેન ચોક્સીની નજર ચુકવી સોનાની બંગડી નંગ-૪ કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/- અને સોનાની વિંટી ડાયમંડવાળી નંગ-૩ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૫૦,૦૦૦/- લઈ પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ વિભાબહેન ચોક્સીએ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.બાથમ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૩૮૬/૧૮**

**ઘાટલોડીયાઃ** પ્રભુરામ ગેનારામ ઘાંચી (રહે. શિવાલય ફલેટ સોલા રોડ ઘાટલોડીયા) એ તા.૨૩/૦૨/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૨/૧૮ બપોરના ૨/૦૦ થી તા.૧૯/૦૨/૧૮ રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી રોકડ રૂપિયા ૯૫,૦૦૦/- અને જરૂરી કાગળોની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એન.પ્રસાદ ચલાવે છે.

**ઓઢવઃ** અમિતકુમાર નવીનચંદ્ર ગાંધી (રહે. વૈભવ એપાર્ટમેન્ટ બી.ઓ.આઇ સ્ટાફ કોલેજ એચ.એલ.કોલેજની પાછળ નવરંગપુરા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૨/૧૮ સાંજના ૭/૦૦ થી તા.૨૪/૦૨/૧૮ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ ખાતે અમિતકુમાર ગાંધીના કારખાનામાંથી કોપર વાયર અને ફાયબર ગ્લાસ મળી કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મત્તાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

**ત્યજી દીઘેલ હાલતમાં મૃતભૃણ મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૩૮૭/૧૮**

**ચાંદખેડાઃ** તા.૨૪/૦૨/૧૮ નારોજ ચાંદખેડા ગ્રીનપાર્ક રેસીડેન્સી સામે ડી.પી.ના થાંભલા નજીકથી ત્યજી દીઘેલ હાલતમાં મૃતભૃણ મળી આવતા ચાંદખેડા પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એન.કે.રાઠવા ચલાવે છે.

**અપમૃત્યુઃ** **સમાચાર યાદી નં.૩૮૮/૧૮**

**જીઆઈડીસી વટવાઃ** અજયકુમાર લાલચંદ ખરવાર (ઉ.વ.30) (રહે. ભરવાડવાસ ઓઢવ) તા.૨૪/૦૨/૧૮ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા ફેઝ-૪ માં આવેલ હર્ષિદ ઈલેક્ટ્રો મેકસ નામની કંપનીમાં કામ કરતા હતા ત્યારે અજયકુમાર ઉપર ક્રેનનો પટ્ટો તુટી જતા ફેબરીકેશનનો સામાન અજયકુમાર ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એસ. ગૌસ્વામી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૮૯/૧૮**

**રિવરફ્રંટ વેસ્ટઃ** વિપુલ જયેશભાઇ કિશ્ચ્યન (ઉ.વ.૨૧) (રહે. ગામ-પીપળજ તા.જી-અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૧૮ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા નહેરૂબ્રીજ થી એલીસબ્રીજ વચ્ચે ના ભાગે વોક-વે સાબરમતી નદીનામાં પડી પાણીમા ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણભાઈ ચલાવે છે.

**શહેરકોટડાઃ** સંગીતાબ્હેન નરેશભાઇ સોલંકી (ઉ.વ.૪૦) (રહે. આદીત્યનગર સોસાયટી ધાચીની ચાલીની અંદર નરોડા રોડ) એ બીમારીથી કંટાળી તા.૨૪/૨/૧૮ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.રાઓલ ચલાવે છે.

**સરદારનગરઃ** ક્રિષ્ણાબહેન શંભુભાઇઠાકોર (ઉ.વ.૧૫) (રહે.ઇ વોર્ડ કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૧૮બપોરના ૪/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.મોથલીયા ચલાવે છે.

**ઇસનપુરઃ** રોહીતભાઇ અરવિંદભાઇ દંતાણી (ઉ.વ.૩૧) (રહે.નીલગીરીના છાપરાં ચંડોળા પાળ ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૨/૧૮ કલાક ૯/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઘરમાં લોખંડની એંગલ સાથે કપડું બાંધીગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.